ઉદ્યોગભવનમાં અધિકારીના ત્રાસથી ક્લાર્કની આત્મહત્યા

ત્રણ ઉચ્ચ અધિકારીઓ સામે ગુનો દાખલ કરી ધરપકડ કરાવવા પરિવારે ૨૪ કલાક મૃતદેહ ન સ્વીકાર્યો : અંતે ત્રણેય અધિકારીઓ વિરૂદ્ધ ગુનો દાખલ : ક્લાર્કે ઝેરી દવા ગટગટાવી લીધી હતી : સ્યુસાઈડ નોટ મળી આવી

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ઉદ્યોગભવન ખાતે સ્થિત જી.આઈ.ડી.સી.ની મહેકમ શાખામાં નોકરી કરતા ૪૪ વર્ષિય ક્લાર્કે ગઈ સમી સાંજે પોતાની ઓફીસમાં જ ઉંઘઈ મારવાની દવા ગટગટાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સ્થળ પરથી સ્યુસાઈડ નોટની એક કોપી પણ મળી આવી છે જે પોલીસે કબ્જે લીધી છે. પરિવારજનોને ધ્યાને આવ્યું હતું કે ગઈકાલે ઉપરી અધિકારીએ કોઈ બાબતે થપ્પડ ઝીંકી દેતા દવા પી લીધી છે. જેને પગલે પરિવારજનો ઉશ્કેરાયા હતા અને પોસ્ટમોર્ટમ બાદ પણ મૃતદેહ સ્વિકારવામાં આવ્યો ન હતો. ત્રણ ઉચ્ચ અધિકારીઓ સામે ગુનો દાખલ થયા બાદ ચોવીસ કલાકે મૃતદેહ સ્વિકારવામાં આવ્યો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર એસ.પી. દ્વારા ડીવાયએસપી સહિત જિલ્લાના મોટાભાગના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તૈનાત કરી દેવાયા હતા. સે. ૭ પોલીસે ત્રણ અધિકારીઓ સામે ગુનો દાખલ કર્યો છે જેની તપાસ ડીવાયએસપી જોષી કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ પ્લોટ નં. ૪૮૨/૧ ખાતે રહેતા ૪૪ વર્ષિય નરેશભાઈ ગણપતભાઈ ચાવડા ઉદ્યોગભવન જીઆઈડીસી વિભાગના મહેકમ શાખામાં ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા. કેટલીક માંગણીઓ અંગે તેમને ઉચ્ચ કક્ષાએ ઘણીવાર રજુઆતો કરી હતી પરંતુ નિરાકરણ આવતુ ન હતુ. દરમ્યાન ગઈકાલે બપોરે કોઈ બાબતે નરેશભાઈને તેમના અધિકારીએ બે-ત્રણ થપ્પડ ઝીંકી દેતા ક્લાર્ક નરેશભાઈને લાગી આવ્યું હતું. ઉંઘઈ મારવાની દવા ઓફીસમાં જ

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરમાં તરખાટ મચાવતા ચેઈન સ્નેચર્સ ઝડપાયા

ત્રણ શખ્સોએ મળીને ૨૨ ચેઈન ખેંચ્યા હોવાની કબુલાત : એલસીબીએ બે ને ઝડપી લીધા : કુલ ૨૮.૫ તોલાના દોરાઓ ખેંચ્યા બાદ સોનીને ૩૦ ટકા ગાળો આપીને વેચી માર્યા : સોનીની પુછપરછ ચાલુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં મહિલાઓ અને વૃદ્ધાઓને નિશાન બનાવીને રીતસરનો ફફડાટ ફેલાવી દેનાર ચેઈન સ્નેચર્સ આખરે ગાંધીનગર એલ.સી.બી.ના સકંજામાં આવી ગયા છે. ત્રણ શખ્સોએ મળીને પાટનગરને ઘમરોળી નાંખ્યું હતું. ત્રણ પૈકી બે ને પકડી પાડવામાં એલ.સી.બી.ને સફળતા મળી છે. પુછપરછમાં છેલ્લા આઠ મહિનામાં ૨૨ ચેઈન સ્નેચીંગના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. દોરા ખેંચ્યા બાદ અમદાવાદના સોનીને ૩૦ ટકા ગાળો આપીને વેચી મારતા હોવાનું બહાર આવતા એલ.સી.બી.ની ટીમ સોનીને ઉઠાવી લાવી છે અને ઊંડી પુછપરછ શરૂ કરી છે. બીજા વોન્ટેડ આરોપીને શોધવા પણ એક ટીમ દોડાવી છે. સોનાના

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

વધુ બે ચેઈન સ્નેચીંગ...!

એલ.સી.બી.ની ટીમે બે ચેઈન સ્નેચર્સને ઝડપી પાડ્યા છે. આરોપીઓની ધરપકડ પણ થઈ ગઈ છે તેમ છતાં બીજા બે ચેઈન સ્નેચીંગનો ગુના આજે બપોરે બનવા પામતા પોલીસ પણ મુંઝાઈ છે. બીજી કેટલી ચેઈન સ્નેચીંગ કરતી ગેંગ ગાંધીનગરમાં સક્રીય છે ? સેક્ટર-૨ ૨ના વૃન્દાવન સોસાયટી પ્લોટ નં. ૪૯૧ ખાતે રહેતા રજનીબેન રવીભાઈ બ્રહ્મભટ્ટના ગળામાંથી આજે બપોરે પોણા બે વાગ્યાના સુમારે સે. ૨ ૨ના વૃન્દાવન સોસાયટી પ્લોટ નં. ૪૯૧ ખાતે રહેતા રજનીબેન રવીભાઈ બ્રહ્મભટ્ટના ગળામાંથી આજે બપોરે પોણા બે વાગ્યાના સુમારે સે. ૨ ૨ જૈન ઉપાશ્રય સામે રોડ પર રૂ. ૪૦ હજારની કિંમતનો સોનાનો દોરો ખેંચાયો હતો. બાઈક પર આવેલા બે શખ્સોએ દોરો આંચકી લીધો હતો. સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે. તો બીજી તરફ સમી સાંજે બાઈક પર આવેલા ચેઈન સ્નેચર્સે ઝુંડાલ નર્મદા કેનાલ બ્રીજ પાસે એક મહિલાના ગળામાંથી દોરો ખેંચ્યો હોવાની વિગતો બહાર આવી છે. જો કે મોડી સાંજ સુધી ફરીયાદ દાખલ થવા પામી ન હતી.

ચેઈનસ્નેચર જ્યાં ભાડે રહેતો હતો તે મકાનના માલીક સામે પણ ગુનો દાખલ

ઝડપાઈ ગયેલા ચેઈન સ્નેચર્સ પૈકી નિરાજ પેથાપુરમાં ભાડે મકાન રાખીને રહેતો હતો. ગુનાહીત ઈતિહાસ જોયા વિના કે સ્થાનિક પોલીસને જાણ કર્યા સિવાય ભાડે મકાન આપી દેનાર મકાનમાલિક સામે પણ જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

એલ.સી.બી.ની ટીમને ૨૫ હજાર ઈનામ મળશે

ગાંધીનગર એસ.પી.એ ચેઈન સ્નેચર્સ પકડી પાડનાર પોલીસને રૂ. ૨૫ હજાર અને નાગરીકને રૂ. ૧૦ હજાર ઈનામ આપવાની જાહેરાત કરી હતી. દરમ્યાન એલસીબીની ટીમે ચેઈન સ્નેચર્સ પકડી પાડતા એસ.પી. દ્વારા સર્વીસ સિક્યુરીટી ફંડમાંથી રૂ. ૨૫ હજાર ટીમને ઈનામ આપવામાં આવશે તેમ એસ.પી.એ જણાવ્યું છે.

ખૂણે... ...ખાંચરેથી

- સચિવાલય સ્ટાફ એસો. દ્વારા આજે સચિવાલય સંકુલના બલોક નં. ૨ અને ૪ ની વચ્ચે સાંજે ૬ વાગે સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ છે.
- ગાંધીનગરના જાણીતા ફાસ્ટ ફુડ સેન્ટર પૂજા પાર્લરનો કર્મચારી પરિવાર શ્રાવણ માસ નિમિત્તે પાવાગઢ જઈ દર્શન કરી પરત ફરેલ છે.
- વિધાનસભા સંકુલમાં ચિકનગુનિયા સામે રોગપ્રતિકારક શકિત માટે ઉકાળાનું વિતરણ આયુર્વેદ કચેરી દ્વારા કરાયું હતું.
- ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. સ્વરૂપે આજે મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણ અંગેની સમીક્ષા બેઠક યોજી હતી.
- દહ્વી સપ્ટેમ્બરથી મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.
- ગરીબ કલ્યાણ મેળા અંગેની વિડીયો કોન્ફરન્સમાં આજે પંચાયત મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજયમંત્રી શ્રી કવાડિયાએ પણ સંબોધન કર્યું હતું.
- પથિકાશ્રમ ગણેશોત્સવ દરમિયાન અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ૧૪મીએ મોદક (લાડુ) સ્પર્ધાનું આયોજન કરાયું છે. તો બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા બ્રહ્મભવન, સે.૧૬ ખાતે વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં મિલ્કત વેરાના બિલોના કાઉન્ટર ઓછા હોવાની ફરિયાદ મિલ્કત ધારકો કરી રહ્યા છે. ત્રણ-ત્રણ વખત ધક્કા ખાધા પછી પણ વેરો ન ભરાતા આવી ફરિયાદ ઉઠવા પામી છે. મિલ્કત વેરો ભરવાની મુદતમાં વધારો કરવાની પણ માંગણી વસાહતીઓએ કરી છે.

ગરીબ કલ્યાણ મેળા માટે દરેક તાલુકાને ૩૦-૩૦ બસો ફળવાશે

૧૩-૧૪ સપ્ટે.ના રોજ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૩ અને ૧૪ દરમ્યાન યોજાનાર ગરીબ કલ્યાણ મેળા માટે દરેક તાલુકાને ૩૦-૩૦ બસો ફાળવવામાં આવશે.

જિલ્લામાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના આયોજનની સમીક્ષા બેઠક દરમ્યાન કલેક્ટરશ્રીએ આ નિર્ણય જાહેર કર્યો હતો. ગાંધીનગર અને કલોલ પ્રાંતના ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓની યાદી પણ આખરી કરી દેવામાં આવી હોવાનું અધિકારીઓએ બેઠકમાં જણાવ્યું હતું.

ગાંધીનગર પ્રાંતનો ગરીબ કલ્યાણ મેળો દહેગામ તાલુકાના પાલેયા ખાતે તથા કલોલ પ્રાંતનો મેળો માણસા ગાયત્રી મંદિર ખાતે યોજવામાં આવશે.

આ મેળામાં લાભાર્થીઓ પુનરાવર્તીત થાય નહિ તે માટે પણ કડક તાકીદ કરવામાં આવી હતી. જિલ્લામાં આ મેળાના લાભાર્થીઓની યાદીની ડેટા એન્ટ્રીની કામગીરી તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બન્ને ગરીબ કલ્યાણ મેળામાં પાંચ હજારથી વધુ લાભાર્થીઓને જુદી જુદી યોજના અંતર્ગત આવરી લેવામાં આવનાર છે. આ મેળામાં વિદ્યાદીપ બોન્ડ, વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવી શૈક્ષણિક યોજનાઓના લાભાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળાઓને લઈ તંત્ર દ્વારા સ્થળ પસંદગી થઈ ચુકી છે. હવે આ મેળામાં પ્રભારીમંત્રી અને પ્રભારી સચિવ ઉપરાંત અન્ય મંત્રીઓ પણ હાજર રહેશે.

મેળાના આરંભ પૂર્વે રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી બાયસેગની મદદથી લાભાર્થીઓને સંબોધશે. આ મેળામાં લાભાર્થીઓને કીટ વિતરણ પણ સ્થળ પર જ કરવામાં આવશે.

ચારેય તાલુકાના મેળા દરમ્યાન ૧૨૦ બસોની ફાળવણી કરવા માટે એસ.ટી. તંત્રને જણાવી દેવામાં આવ્યું છે. જિલ્લાના ત્રણેય ડેપોમાંથી આ બસોની ફાળવણી કરાશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

રે પંખી સુખથી ચણજો - અબોલ પંખીઓને ચણ નાખવાનું પુણ્ય અનોખું હોય છે... શ્રાવણ મહિનાના પવિત્ર દિવસોમાં ભાવિકો પંખીઓ માટે ચણ નાખી અને પરમાત્મા પરત્વે પ્રાર્થનાનો ભાવ વ્યક્ત કરે છે... જો કે ઘણા બધા ભાવિકો આખા વર્ષ દરમિયાન નિયમિત રીતે પંખીને ચણ નાખવાની પરંપરાને પાળે છે... ગાંધીનગરમાં પણ ઘણા બધા ચોકઠાઓમાં ચબુતરો પણ બનાવાયો છે... આ જ માનવતાની મ્હેક છે...

આત્મશુદ્ધિનું મહાપર્વ પર્યુષણ

આ પર્વ આધ્યાત્મિક વિકાસનું પર્વ છે. ભૌતિક વિકાસ, આર્થિક વિકાસ, બૌદ્ધિક વિકાસ-વિકાસની ઘણી શાખાઓ છે. આજનો યુગ વિકાસનો યુગ છે. પણ ચેતનાનો વિકાસ નથી થઈ રહ્યો, આધ્યાત્મનો વિકાસ નથી થઈ રહ્યો. જ્યારે આધ્યાત્મનો વિકાસ નથી થતો, ચેતનાનો વિકાસ નથી થતો ત્યારે પરિસ્થિતિઓ વિકટ બની જાય છે. જ્યારે ચેતનાનું ઉધ્વારોહણ થાય છે ત્યારે સમાજની માનસિકતા એક પ્રકારની થઈ જાય છે અને જ્યારે ચેતનાનું અધઃપતન થાય છે તો સમાજની માનસિકતા બીજા પ્રકારની ચેતના નાભિની આસપાસ પરિક્રમા કરતી હોય ત્યારે લડાઈ-ઝઘડો, કલેશ, હરીફાઈ, લુંટ-ફાટ, ચોરી અને ગોટાળો થાય છે. આવી સ્થિતિમાં મનુષ્યનું પોતાની જાત પર નિયંત્રણ રહેતું નથી. એના મનમાં આવે તે કરી નાખે છે.

આજની એક મુખ્ય સમસ્યા છે. - ભ્રષ્ટાચાર. લોકો કહે છે કે



પર્યુષણ પર્વ
ત્રીજો દિવસ

ભ્રષ્ટાચાર વધી જ ગયો છે. પણ કેમ વધી રહ્યો છે એના વિશે કોઈએ વિચાર કર્યો છે ખરો. ખરેખર ભ્રષ્ટાચાર એટલા માટે જ વધી રહ્યો છે કે વ્યક્તિની ચેતના નીચેની તરફ ગતિ કરી રહી છે. આ ભ્રષ્ટાચાર નાબુદ કરવા માટે ચેતનાનું જ પતન થઈ રહ્યું છે તેને ઉપરની તરફ વાળવી પડશે. ઉધ્વારોહણ કરવું પડશે. પર્યુષણ પર્વ એક અલૌકિક પર્વ છે. ભારતીય સંસ્કૃતિમાં અનેક પર્વ છે. પણ ચેતના રૂપાંતરણ પ્રક્રિયાના પર્વ કેટલા ? આ પર્વમાં મૈત્રી, ક્ષમા અને અભય શીખવાડાય છે. મહાવીરનું જીવનચરિત્ર વાંચો તેઓ કોઈથી ડર્યા જ નથી સાક્ષાત અભય અને નિર્ભયતાની મુર્તિ. જે વ્યક્તિ આધ્યાત્મિક વિકાસ સાધે છે, ચેતનાનું ઉધ્વારોહણ કરે છે તે નિર્ભય થઈ જાય છે. ભયની ઉત્પત્તિ થાય છે ક્યાંથી ? હકીકતમાં ચેતના નાભિની આસપાસ જ રહે છે ત્યારે પદાર્થની પરિક્રમા કરતી ચેતના સતત કરે છે. માટે જ મહાવીર કદી ડર્યા ન હતા. ના ચંડકોશિકાથી, ના અર્જુનમાલીથી કે ના સંગમદેવથી. જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

ગુડાની આવાસ યોજના અન્વયે ૧૫ દિવસમાં સેમ્પલ હાઉસ તૈયાર

આવાસ મેળવવા ૧૩૦૦ અરજદારોએ રસ દાખવ્યો

ગાંધીનગર, તા. ૩

ગુડાની શુભ-લાભ યોજના અન્વયે ૧૩૦૦ અરજદારોએ ફોર્મ ભરીને સુપ્રત કર્યા છે. આવાસ યોજનાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. જ્યારે આગામી દિવસોમાં ફોર્મની ચકાસણી પૂર્ણ થયા બાદ નજીકના ભવિષ્યમાં ડ્રોની પ્રકીયા હાથ ધરવામાં આવશે. ગુડા દ્વારા આવાસોને અનુલક્ષી લીફટની સુવિધા ઉપલબ્ધ કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી ૧૫ દિવસમાં સેમ્પલ હાઉસ તૈયાર થઈ જશે.

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણ ખાતે શુભ-લાભ આવાસ યોજનાનું કામ હાથ ધરાયું છે. આ યોજના માટે ફોર્મ ભરપાઈ કરવાની મુદત પૂર્ણ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ આવાસ યોજના અન્વયે ૧૩૦૦ અરજદારોએ ફોર્મ ભરીને ગુડાને સુપ્રત કર્યા છે. ૩૬ ચો.મી.ના આવાસો અન્વયે આગામી દિવસોમાં ફોર્મની ચકાસણી બાદ ગુડા કક્ષાએ ડ્રોની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. બીજી તરફ ગુડા દ્વારા આવાસ યોજનાનું કામ નમૂનારૂપ થશે તેમ પણ જણાવાયું છે. આવાસોના બાંધકામમાં ગુણવત્તા જળવાય રહે તે ઉપરાંત પાર્કીંગ પ્લેસને પણ ફલોરીંગથી સજ્જ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આવાસ યોજનાને અનુલક્ષી લીફટની વ્યવસ્થા કરવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી ૧૫ દિવસમાં સેમ્પલ હાઉસ પણ તૈયાર થઈ જશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

આવતીકાલથી રોગ પ્રતિકારક ઉકાળા અપાશે

જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા કરાયેલો નિર્ણય : ચિકનગુનિયા અને અન્ય વાહકજન્ય રોગો સામે રાહત મળશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ચોમાસાની ઋતુને પગલે દેખાયેલા વાહકજન્ય રોગચાળા સામે રોગપ્રતિકારક શક્તિ માટે જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ઉકાળા પીવડાવવામાં આવનાર છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવના પટેલે જણાવ્યું છે કે પમી સપ્ટે.થી ૯ સપ્ટે. દરમ્યાન આ ઉકાળાનું મફત વિતરણ કરાશે. જે સવારે ૮ થી ૯.૩૦ના સમય દરમ્યાન અપાશે.

તેમણે જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં પાંચ સ્થળો આયુ. હોસ્પિટલ સે. ૨૨, આયુ. દવાખાનુ સે. ૭, અર્બન હેલ્થ સેન્ટર સે. ૨, સિવિલ હોસ્પિટલ, બોરીજ જૈન દેરાસરની આંગણવાડી પર આ ઉકાળાનું સેવન કરી શકાશે.

આ ઉપરાંત જિલ્લાના સુઘડ, ઉવારસદ, કુડાસણ, કલોલ, પાનસર, બોરૂ, પ્રાંતિયા, પેથાપુર, મહુડી તથા દહેગામના આરોગ્ય કેન્દ્રો પર પણ આ ઉકાળા અપાશે.

આયુર્વેદ ઔષધિમાંથી આ ઉકાળા તૈયાર કરવામાં આવનાર છે. આ ઉકાળાનું ગત વર્ષે પણ વિતરણ કરાયું હતું.

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manabhai Medical
Since 1986
॥ અભય ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
AD ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-25, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. R.L.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25582943
email : info@abhaydecorators, www.abhaydecorators.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
BIRLA TYRES

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com